# ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના નવા પ્રમુખપદે દિલીપ પિરામલ

## ઉપપ્રમુખપદે દીપક પ્રેમનારાયણન



પ્રમુખ : દિલીપ પિરામલ



ઉપપ્રમુખ : દીપક પ્રેમનારાયણન

મુંબઈ, તા. ૩ : ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બરના ૨૦૧૫-૧૬ના વર્ષ માટે પ્રમુખ તરીકે દિલીપ જી. પિરામલ અને ઉપપ્રમુખ તરીકે દીપક પ્રેમનારાયણન ચૂંટાયા છે. ચેમ્બરની જૂન, ૨૦૧૫માં એજીએમ યોજાનાર છે, ત્યારે નવા પ્રમુખ અને ઉપપ્રમુખ હોદ્દો સંભાળશે.

હાલ પ્રમોદ ઠક્કર પ્રમુખપદે છે. વીઆઈપી ઈન્ડ.ના ચૅરમૅન દિલીપ પિરામલે તેમની કારકિર્દી મોરારજી મિલથી શરૂ કરી હતી. તેઓ પ્લાસ્ટિક ઉદ્યોગમાં અગ્રણી નામ ધરાવે છે અને સંસ્થા જોડે સંકળાયેલા છે.

ચેમ્બરના ઉપપ્રમુખ દીપક પ્રેમનારાયણન આઈસીએસ ગ્રુપના સ્થાપક છે. તેઓ પણ અનેક સંસ્થા સાથે સંકળાયેલા છે. તાજેતરમાં તેમને યુકેમાં 'બિઝનેસ લીડર ઑફ ધ યર' (૨૦૧૪નો) એવૉર્ડ અપાયો હતો.